## (૨) <u>કલમ –૪ (૧) (બી) સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો</u> :–

**અધિકારીઓની અને કર્મચારીઓની સત્તા અને ફરજોની માહીતી.**

- **<u>ફુડ એનાલીસ્ટ</u>:–**

  ફુડ ઈન્સ્પેકટરો, સેનેટરી ઈન્સ્પેકટરો, ઈન્ડસ્ટ્રીઝ તથા નાગરીકો ધ્વારા આવેલા ખોરાક તથા પાણીના નમુનાઓનું રાસાયણિક તથા સૂક્ષ્મ જીવાણુ શાસ્ત્રીય રીતે પૃથ્થકરણ કરાવવાની કામગીરી તથા પ્રયોગશાળાની વહીવટી અને હીસાબી કામગીરી તેમજ રાજય સરકારશ્રી ધ્વારા ફુડ પબ્લીક એનાલીસ્ટ તરીકે સરકારી ગેઝેટમાં નોટીફાય થતાં ખોરાકનાં પૃથ્થકરણ રીપોર્ટ ઉપર FFS કાયદા પ્રમાણે અભિપ્રાય આપવાની સત્તા ધરાવે છે.

- **<u>ટેક. આસીસ્ટન્ટ અને ફુડ એનાલીસ્ટ</u>:–**

  ફુડ ઈન્સ્પેકટરો, સેનેટરી ઈન્સ્પેકટરો, ઈન્ડસ્ટ્રીઝ તથાનાગરીકો ધ્વારા આવેલા ખોરાક તથા પાણીના નમુનાઓનું રાસાયણિક તથા સૂક્ષ્મ જીવાણુ શાસ્ત્રીય રીતે પૃથ્થકરણ કરાવવાની કામગીરી તથા પ્રયોગશાળાની વહીવટી અને હીસાબી કામગીરી.

- **<u>ટેક. આસીસ્ટન્ટ</u>:– ખાલી જગ્યા – ૪**

  ફુડ ઈન્સ્પેકટરો, ઈન્ડસ્ટ્રીઝ તથા નાગરીકો ધ્વારા મોકલવામાં આવતાં ખોરાકના નમુનાઓનું રાસાયણિક તથા સૂક્ષ્મ જીવાણુ શાસ્ત્રીય રીતે પૃથ્થકરણ કરવાની તેમજ વૈજ્ઞાનિક સાધનોની નિભાવની કામીગીરી. પ્રયોગશાળામાં વપરાતાં રાસાયણિક અને સૂક્ષ્મજીવાણુ માધ્યમો અને દ્રાવણો બનાવે છે. પ્રયોગ શાળા રસાયણો તથા ગ્લાસવેર, હાર્ડવેર વગેરેના નિભાવની કામગીરી.

- **<u>લેબોરેટરી ટેકનીશ્યન</u> :–**

  ફુડ ઈન્સ્પેકટરો, સેનેટરી ઈન્સ્પેકટરો, ઈન્ડસ્ટ્રીઝ તથા નાગરીકો ધ્વારા મોકલવામાં આવતાં પાણીના નમુનાઓનું રાસાયણિક તથા સૂક્ષ્મ જીવાણુ પરીક્ષણનું કામ કરે છે.

- **<u>લેબોરેટરી આસીસ્ટન્ટ</u> :– ખાલી જગ્યા–૧**

  ફુડ ઈન્સ્પેકટરો, સેનેટરી ઈન્સ્પેકટરો, ઈન્ડસ્ટ્રીઝ તથા નાગરીકો ધ્વારા મોકલવામાં આવતાં પાણીના નમુનાઓનું રાસાયણિક તથા સૂક્ષ્મ જીવાણુ પરીક્ષણનું કામ કરે છે.પ્રયોગશાળામાં વપરાતાં રાસાયણિક અને સૂક્ષ્મજીવાણુ માધ્યમો અને દ્રાવણો બનાવે છે.પ્રયોગ શાળા રસાયણો તથા ગ્લાસવેર,હાર્ડવેર વગેરેના નિભાવની કામગીરી.

- **<u>બીજી શ્રેણી કલાર્ક</u> :– ખાલી જગ્યા (વય નિવૃતી કારણે)**

- **<u>ત્રીજી શ્રેણી કલાર્ક</u>:–**

  FSSAI Act મુજબ તથા ફૂડ ઈન્સ્પેકટરો ધ્વારા લેવાતાં એકટના નમુનાઓના ખોરાકના કાયદાકીય નમુનાઓ નો સ્વીકાર કરી તે અંગેની તમામ વહીવટી તથા આંકડાકીય કામગીરી કરવી પત્રવ્યવહારની કામગીરી કરવી તેમજ લેબોરેટરીમાં

આવતાં પ્રાઈવેટ તેમજ ઈન્ફોર્મલ તથા ફૂડ ઈન્સ્પેકટરો ધ્વારા લેવાતાં એકટના નમુનાઓનું રજીસ્ટર મેઈન્ટેઈન કરવું.

એસ્ટાબ્લીશમેન્ટ ની તમામ કામગીરી કરવી.

- **<u>ત્રીજી શ્રેણી કલાર્ક</u>** :–

  સ્ટેશનરી, ફર્નીચર, પ્રયોગશાળાનું મેઈન્ટેન વગેરે લગતી ખરીદી અને બીલ રજી,ડેડ સ્ટોક રજી,પર્સનલ એડવાન્સ રજી,સ્ટોક રજી, મેઈન્ટેન ની કામગીરી અને જરૂરી ફી વસુલાત તેમજ લાયસન્સો રીન્યુ કરવા,સાધનોનો વાર્ષિક મેઈન્ટેનન્સ અંગેનો પત્રવ્યવહાર કરવો.

- **<u>ત્રીજી શ્રેણી કલાર્ક</u>** :–

  ખોરાકના કાયદાકીય નમુનાઓ નો સ્વીકાર કરી તે અંગેની તમામ વહીવટી તથા આંકડાકીય કામગીરી કરવી અને સેન્ટ્રલ સ્ટોર્સ તથા પ્રેસ માંથી માલસામાન લાવવાની કામગીરી, આઉટવર્ડ, ઈનવર્ડ તેમજ લેબોરેટરીમાં આવતાં પત્રવ્યવહાર કરવા ઉપરાંત વહીવટી અને ટેકનીકલ કામગીરીનાં કોમ્પ્યુટર ઉપર પત્રો તૈયાર કરવા.

- **<u>લેબોરેટરી એટેન્ડન્ટ</u>** :–

  ગ્લાસવેર, રસાયણો આપવાના – લાવવાના, ગ્લાસવેર સાધનો ધોવાના ઓવનમાં સુકવવાના, પ્રયોગશાળામાં ગોઠવવા, પૃથ્થકરણ દરમ્યાન કેમીસ્ટને પહોંચાડવાના વગેરે

- **<u>પટાવાળા</u>** :–

  ઓફીસની વહીવટી તેમજ પ્રયોગશાળાના વિવિધ કામો કરવા. ઝોન, મુખ્ય કચેરી તથા બહારના ખાતાઓના કામો કરવા.

- **<u>સફાઈ કામદાર</u>** :–

  પ્રયોગશાળાની સાફ–સફાઈ અને વ્યવસ્થા જાળવવી.